


# VASHISHTHA GROUP OF SCHOOL

# ફાઈનાન્શિયલ અવેરનેસ

**નાણાકીય જાગૃતતા માટે મક્કમ કદમ ...**

અંક : ૩ । ડિસેમ્બર : ૨૦૨૪


## મૂડીરોકાણ એક્શન પ્લાન



**કમાણી ખર્ચની ખબર રાખો :** પરિવાર સાથે બેસીને કમાણીમાંથી ચોક્કસ હિસ્સો મૂડીરોકાણ માટે અલગ તારવીને પછી જ ખર્ચનું બજેટ બનાવો.

**ધ્યેયને વળગી રહો :** એકવાર મૂડીરોકાણની રકમ નક્કી કર્યા પછી તેને વળગી રહો. કમાણી વધતી જાય તેમ બચત અને મૂડીરોકાણનો હિસ્સો વધારતા જાવ. આકસ્મિક અને અનિર્વાય ખર્ચ સિવાય તેમાંથી રકમ તોડો નહીં.






**બચત– રોકાણની વહેલી શરૂઆત :** થોડી રકમ ભેગી થાય પછી મૂડીરોકાણ કરીશું તેવી નીતિને બદલે જે હોય તેમાંથી શરૂઆત કરી દો.

**નિયમિતતા જાળવો :** એકવાર શરૂઆત કર્યા પછી વચ્ચે અટક્યા સિવાય સતત બચત, મૂડીરોકાણ કરતાં જ રહો.






**સમજદારીપૂર્વક નિર્ણય લો :** આડેધડ અને બીજાનું અનુકરણ કરીને મૂડીરોકાણ કરવાના બદલે થોડો અભ્યાસ કેળવો અને સલાહકારનો સંપર્ક સાધો.

**ધ્યેય ઉપર સતત નજર :** કમાણી વધે તેમ મૂડીરોકાણ માટેનો હિસ્સો પણ તેના પ્રમાણમાં વધારતાં રહો. તેનાથી તમારું નિવૃત્તિ ફંડ વહેલું રચાશે. કેટલા પૈસા રિટાયરમૅન્ટ પછી જોઈશે તેની ગણતરી પણ કરતાં રહો.





**પહેલું સુખ તે જાતે નર્યા :** પોતાની અને પરિવારની સલામતી માટેનું સાધન પહેલા તૈયાર કરો જેથી તમારી કે તમારી કમાણીની ગેરહાજરી નડે નહીં.

**નિષ્ણાંતની સલાહ લો :** તમારી પાસે સમય, માહિતી કે અનુભવની મર્યાદા હોય તે સ્વાભાવિક છે. તેથી નિષ્ણાતની સલાહ લેવાનો આગ્રહ રાખો.



## પશુ-પંખીઓ પણ શીખવે ઉદ્યમની પરિભાષા

૧૦૦ માંથી ૯૫ ટકા લોકો એવું માનતા હોય છે કે, બધો નસીબનો ખેલ હોય છે પરંતુ એ ભૂલી જાય છે કે પુરુષાર્થ વિના પ્રારબ્ધ પણ પાંગળુ છે. પૃથ્વી ઉપરના તમામ પ્રાણીઓ પૈકી મનુષ્ય જ ઉદ્યમ કરતો રહે છે તેવું નથી. તમામ પશુ–પંખી અને જીવમાત્ર સતત ઉદ્યમ કરતાં રહે છે પરંતુ તેમાંથી નિરીક્ષણ અને શીખવાની સ્ટાઈલ દરેકની અલગ અલગ હોય છે. જેમ કે,

**કરોળીયાની જેમ સતત પ્રયત્નશીલ રહો:** વારંવાર પડવા છતાં કરોળીયો જાળું ગૂંથવા માટે મશગૂલ જ રહે છે. તેવી જ રીતે મૂડીરોકાણ–સંપત્તિસર્જનના મામલે વારંવાર મુશ્કેલીઓ આવે તેનાથી હારી–થાકી જવાના બદલે સતત પ્રયાસ કરતા રહો. સફળતા મળ્યે જ છૂટકો છે.

**બગલા જેવી ધીરજ અને ગંભીરતા કેળવો :** બગલો શિકાર મેળવવા માટે કલાકો સુધી પાણીમાં એક પગે ઊભો રહે છે. તેવી જ રીતે રોકાણ ઉપર રિટર્ન મેળવવા માટે ધન, ધ્યાન અને ધીરજ કેળવો. લાંબાગાળાના રોકાણનો આગ્રહ રાખો.

**મુશ્કેલીમાં કીડીની જેમ સંગ્રહ કરો :** કીડી તેની જરૂરિયાત કરતાં વધુ ખોરાકનો સંગ્રહ કર્યે રાખે છે. તે જ રીતે કમાણીની સાથે ચોક્કસ માત્રામાં મૂડીનું સતત રોકાણ કરતા રહો. જેથી સંકટ સમયે કામમાં આવે અને લાંબા ગાળે સંપત્તિનું સર્જન થાય.

**જિરાફની જેમ અનામત રાખો :** જિરાફ હંમેશા ખોરાકને તેના પેટમાં સંગ્રહી રાખે છે અને જરૂર પડયે તેનો ઉપયોગ કરે છે. એક સામટું રોકાણ નહીં કરી નાંખો જેથી આકસ્મિક જરૂરિયાત સમયે મૂડી હાથ ઉપર ન હોય અને વ્યાજે નાણાં લેવા પડે.

**ઝીબ્રાના બચ્ચાંની જેમ વહેલું મૂડીરોકાણ :** ઝીબ્રાનું બચ્ચું જન્મે કે તરત જ ઊભું થઈ જાય છે. સંપત્તિસર્જન માટે તમારી કમાણીની શરૂઆત સાથે જ મૂડીરોકાણની ટેવ પાડો. જેથી નિવૃત્તિનો ગાળો આરામથી પસાર થઈ શકે, યુવા વર્ગે આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

**કાંગારુના બચ્ચાંની જેમ મૂડી સલામતી :** કાંગારુ માતા કૂદકો મારે તો પણ પેટની થેલીમાં રહેલું બચ્ચું સલામત જ રહે છે. તે જ રીતે મૂડીની પૂરતી સલામતીની ખાતરી કર્યા વિના આડેધડ મૂડીની હેરાફેરી/મૂડીરોકાણ/ સટ્ટાખોરી ના કરો.

કમાણી, મૂડીરોકાણ અને સંપત્તિસર્જનના મામલે પ્રત્યેક વ્યક્તિની વિચારસરણી અને શૈલી અલગ અલગ હોય છે. કોઈને સરકારી નોકરી જ ગમે, કોઈ ખાનગી કંપનીઓમાં વારંવાર પગાર–પોસ્ટમાં વૃદ્ધિને પસંદ કરે, કોઈ નાનો–મોટો વેપાર–ધંધો કરે, કોઈ ગામના કે બાપાના પૈસે લહેર કરે તો કોઈ રાતોરાત કરોડો કમાઈ લેવાની લાયમાં આખી જિંદગી મથ્યા કરે! કોઈ શેરબજાર, સોના–ચાંદી, ફૂડ, કરન્સી કે કોમૉડિટીઝમાં ડે–ટ્રેડિંગ કરે તો કોઈ સાઈડ ઈન્કમ માટે સટ્ટો કરે છે પરંતુ સફળ રોકાણકારોમાં 100 માંથી 90 ટકા રોકાણકારો એવાં જોવા મળશે કે જેમને લાંબાગાળાના મૂડીરોકાણ મારફત સંપત્તિસર્જનમાં રસ હોય છે. પાંચ ટકા લોકો એવા પણ જોવા મળશે કે જેમને યેનકેન પ્રકારે રાતોરાત કરોડો કમાઈ લેવાની ધૂન લાગેલી જ રહે છે. પરંતુ પાંચ ટકા લોકો એવાં હોય છે કે, જેઓ પુરુષાર્થ મારફતે પ્રારબ્ધ ઘડીને નાની ઉંમરથી જ કમાણી, બચત, મૂડીરોકાણ, સાતત્ય અને સુરક્ષા મારફત સંપત્તિ સર્જન કરવામાં સફળ થતાં હોય છે. જે રોકાણકારો લોહી–પરસેવો એક કરીને કરેલી કમાણીમાંથી યોગ્ય રીતે ખર્ચ, બચત અને મૂડીરોકાણ કરી શકે છે તેમણે સાથે સાથે એ પણ ખ્યાલ રાખવો પડે કે મૂડીરોકાણ દ્વારા સાતત્ય અને તેની સલામતી પણ જળવાઈ રહે. ટૂંકમાં પૉર્ટફોલિયોનું સર્જન રાતોરાત શક્ય નથી. તેનું સમયાંતરે મૂલ્યાંકન અને રિશફલિંગ પણ કરતાં રહો. મજબૂત પૉર્ટફોલિયો સર્જન માટે આપણી આસપાસના પશુ–પંખી પણ આપણને ઘણું બધું શીખવી શકે છે. જરૂર હોય છે તેમના વર્તનનું નિરીક્ષણ કરવાની અને તેમાંથી શીખવાની.

એક વાત ખાસ યાદ રહે કે રાતોરાત મળે તે સફળતા નથી હોતી. તેના માટે પુરુષાર્થ કરવો જરૂરી હોય છે. બીજાના મહેલની રોશની જોઈને પોતાના ઝૂંપડાને આગ લગાડનારાઓને ગોળો અને ગોફણ બન્નેથી હાથ ધોવાનો વારો આવે પરંતુ જો અભ્યાસ, અનુભવ અને આવડત ધીરે ધીરે કેળવ્યા હોય તો બીજાની નકલ કરવાના કારણે નિષ્ફળ જવાની દહેશતથી દૂર રહી શકાય છે. સંપત્તિસર્જનના મામલે કોઈની સ્પીડ કાચબા જેવી તો કોઈની સસલા જેવી હોઈ શકે પરંતુ જો પ્રયત્ન કરો તો લક્ષ્યાંક સુધી પહોંચવામાં સફળતા જરૂર મળે જ. હવે બહુ મોડું થઈ ગયું તેમ મન વાળીને બેસી રહેલાઓને પાછલી અવસ્થામાં પગ વાળીને બેસવાનો મોકો ભાગ્યે જ મળતો હોય છે. જરૂર પડે ત્યાં નિષ્ણાંત કે ફાઈનાન્સિયલ પ્લાનરની મદદ લેવાનો આગ્રહ રાખો.

પુસ્તકઃ મની પ્લાન્ટેશન (મહેશ ત્રિવેદી)

## ફાઈનાન્સિયલ ફ્રીડમ વાયા 11 કમાન્ડમૅન્ટ

૧. પૈસાને કન્ટ્રોલ નહીં સોંપું, મિત્ર બનાવીશ અને યોગ્ય સમયે રિટાયર્ડ થઈશ.

૨. દર મહિને પહેલાં બજેટ બનાવીશ પછી જ બચત, રોકાણ અને ખર્ચ કરીશ.

૩. પહેલા જાતને, પરિવારને સમૃદ્ધ બનાવીશ, દેખાડો કરવા ખોટા ખર્ચા નહીં કરું.

૪. કંજૂસાઈ નહીં કરકસર કરીશ, માત્ર બચત નહીં, આનંદ પાછળ પણ ખર્ચીશ.

૫. વ્યાજ, ડિવિડન્ડ, ભાડાની આવક સહિત ૫ ઈન્કમ માટેના સોર્સ ડેવલોપ કરીશ.

૬. પરિવારની જરૂરિયાતથી મોટું ઘર કે દેવું કરીને લક્ઝુરિયસ કાર નહીં જ ખરીદું.

૭. દેવું પહેલા ભરીશ પછી જ રોકાણ કરીશ. એક દેવાં ઉપર બીજું દેવું નહીં કરું.

૮. ઈચ્છા મુજબ નહીં, જરૂરિયાતને ધ્યાનમાં રાખી આયોજન કરીને ખરીદી કરીશ.

૯. પૈસા નહીં, સમયની સાથે ચાલીશ. સમય વીત્યા પછી દોડવાની ભૂલ નહીં કરું.

૧૦. પર્સનલ ફાઈનાન્સ અને મની મૅનેજમૅન્ટ જ્ઞાન અપડેટ કરવા પ્રયાસ કરીશ.

૧૧. ફાઈનાન્સિયલ પ્લાનિંગ માટે ફી ખર્ચીને ફાઈનાન્સિલ પ્લાનરની મદદ લઈશ.

## સમૃદ્ધિનું સર્જન કેવી રીતે કરવું ?

માની લો કે હું બધાં જ નાણાં ગુમાવી બેસું. અને તમે મને દુનિયાના કોઈપણ છેડામાં મૂકી દો (જયાં લોકો અંગ્રેજી ભાષા સમજતા હોય) તો હું પાંચથી દસ વર્ષમાં ફરીથી સમૃદ્ધ બની જઈશ, કારણ કે નાણાં કમાવવા એ એક આવડત છે. આ કળામાં હવે હું પાવરધો થઈ ગયો છું. મારી જેમ કોઈપણ વ્યક્તિ આ આવડત શીખી શકે છે.

વાત ખરેખર મહેનત કરતા રહેવાની નથી. તમે રેસ્ટોરામાં દરરોજ આઠ કલાક સુધી કામ કરશો તો પણ ધનવાન નહીં બની શકો. ધનવાન બનવા માટે તમને શું કરવું, કોની સાથે કરવું, અને કયારે શું કરવું તે ખબર હોવી જોઈએ. ધનવાન બનવા માટે માત્ર મહેનત જ નહીં સમજદારી પણ બહુ મોટો ભાગ ભજવે છે. હા, મહેનત જરૂરી છે. તમે તેનાથી દૂર ન ભાગી શકો.

પણ જો તે મહેનતને સાચી દિશામાં વાળો તો જરૂરથી ઉત્તમ પરિણામ મળે.

જો તમને હજુ સુધી એ ખબર ન હોય કે તમારે શું કરવું જોઈએ તો હવે પહેલું પગથિયું એ છે કે તમે તે પ્રવૃત્તિ, કામ કે ધ્યેયને શોધી લો. જ્યાં સુધી તમને એ ખબર ન પડી જાય કે તમારે શું કરવું જોઈએ ત્યાં સુધી વિચાર્યા વગરની મહેનત ન કરો. દોડે રાખવાથી કંઈ નહીં થાય. મંઝિલ પણ નક્કી હોવી જોઈએ ને!

હું જયારે ૧૩ કે ૧૪ વર્ષનો હતો ત્યારે મેં અમુક સિદ્ધાંતો શીખ્યા. તેના પરથી જ મેં આ ટ્વિટસ્ટ્રોર્મ બનાવ્યા છે. આ સિદ્ધાંતો ૩૦ વર્ષ સુધી મારા મનના દરવાજામાં જ પુરાયેલા હતા. તેમજ હું આ સિદ્ધાંતો મુજબ જ જીવી રહ્યો હતો. સમય સાથે – નસીબ જોગે હું એક એવી કળામાં પાવરધો થયો જે મારી સફળતા માટે મૂળભૂત કારણ બની. હું કોઈપણ વ્યવસાય કે તકનું નિરીક્ષણ કરીને એ જાણી શકું છું કે તેમાંથી વધુમાં વધુ કેટલો નફો હાંસિલ કરી શકાય છે, તેમજ તે નફો થયા બાદ હું તેમાંથી મારો ભાગ કઈ રીતે મેળવી શકું.

બસ, આ જ કળાને ધ્યાનમાં રાખીને ટ્વિટસ્ટોર્મનું સર્જન કર્યું. હા, એ ચોક્કસપણે કહી શકાય કે દરેક ટ્વિટને ધ્યાનથી સમજવા બેસીએ તો કલાકો વાતો થાય. જ્ઞાનના દરિયામાં ઝંપલાવવા માટે નીચે આપેલ ટ્વિટસ્ટોર્મ એક ઉત્તમ શરૂઆત સાબિત થશે. આ ટ્વિટસ્ટ્રોર્મના દરેક ટ્વિટ માહિતીસભર, સ્પષ્ટ અસરકારક અને જીવનના કોઈપણ પડાવ પર કામમાં આવે છે. તેમાં દરેક સિદ્ધાંતનો સમાવેશ કરેલ છે. જો તમે આ ટ્વિસસ્ટ્રોર્મનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કરશો, તેને સમજશો, અને તે મુજબ મહેનત કરશો તો જરૂરથી આવનાર દસ વર્ષમાં તમારે જે જોઈએ છે તે બધું જ હાંસિલ કરી શકશો.

## નવલ રવિકાંતનાં ટ્વિટસ્ટ્રોમ

"સમૃદ્ધિ પાછળ દોડો – નાણાં કે પ્રતિષ્ઠા પાછળ નહીં. સમૃદ્ધિ એટલે એવી મિલકત – જે તમે ઊંઘતા હો ત્યારે પણ કમાઈ આપે. નાણાં અને પ્રતિષ્ઠાનો ખરો અર્થ શું ? – સમય અને સમૃદ્ધિની આપ–લે નાણાં થકી થાય છે. પ્રતિષ્ઠા એટલે સમાજમાં તમારું સ્થાન"

"એક વાત સમજી લો – નૈતિકતાથી પણ સમૃદ્ધિનું સર્જન થઈ શકે. જો તમે સમૃદ્ધિને ધિક્કારશો તો તે પણ તમને છોડી દેશે. સમૃદ્ધિનો આદર કરો."

"સ્ટેટ્સ ગેમ રમતા લોકોને અવગણો. તેઓ જે લોકો સમૃદ્ધિનું સર્જન કરી રહ્યા છે તેને વખોડીને પ્રતિષ્ઠા હાંસિલ કરે છે."

"સમયના બદલામાં નાણાં મેળવો – આ માનસિકતાથી ક્યારેય ધનવાન નહીં બનો. તમારી પાસે તમારી ઈક્વિટી હોવી જ જોઈએ. તમારો પોતાનો વ્યવસાય. તમારો વ્યવસાય જ તમને નાણાકીય સ્વતંત્રતા (ફાયનાન્શિયલ ફ્રીડમ) અપાવશે."

"સમાજને શું જોઈએ છે તે જાણો– એવું કંઈક કે જે મેળવવાનો રસ્તો સમાજ પાસે નથી, ત્યાર બાદ તે જ્ઞાન/આઈડિયા/વ્યવસાય – સમાજને આપો અને ધનવાન બનો!"

"તમારી કારકિર્દી માટે એવું ક્ષેત્ર પસંદ કરો જેમાં તમે લાંબા સમય સુધી કામ કરી શકો, તેમજ લાંબા ગાળાના સંબધો પણ વિકસાવી શકો."

"ઈન્ટરનેટના લીધે અસંખ્ય કારકિર્દીની તકો ઊભી થઈ છે. મોટાભાગના લોકોએ આ બદલાવનો ફાયદો હજુ ઉઠાવ્યો નથી."

"જરૂરી અને ઉપયોગી પ્રવૃત્તિઓનું સતત પુનરાવર્તન કરતા રહો. કારણ કે સમૃદ્ધિની વાત હોય કે પછી સંબંધો કે પછી જ્ઞાન–બધાનું ચક્રવૃદ્ધિ વ્યાજ મળે છે."

."તમારાં વ્યવસાય માટે એવો ભાગીદાર પસંદ કરો જે – બુદ્ધિશાળી, ઉત્સાહથી ભરપૂર અને સૌથી મહત્ત્વનો ગુણ – પ્રમાણિક હોય."

"શંકાશીલ અને નિરાશાવાદી વ્યક્તિ સાથે ભાગીદારી ન કરો. તેઓ પોતાની જાતને સાચા સાબિત કરવામાં જ વ્યસ્ત હોય છે."

"(પ્રોડક્ટ, સર્વિસ, આઈડિયાનું) વેચાણ કરતાં શીખો. સર્જન કરતાં શીખો. જો તમે સર્જન અને વેચાણ બંને કરી શકશો તો સફળતા તમારા કદમ ચૂમશે."

"ચોક્કસ જ્ઞાન એટલે એવું જ્ઞાન જેની તમને તાલીમ ન આપી શકાય. જે જ્ઞાનની તાલીમ તમને સમાજ આપી શકે તો તે જ તમારી જગ્યાએ કોઈ બીજાને પણ લાવી શકે."

"જો તમારે ચોક્કસ જ્ઞાન શોધવું હોય તો અત્યારે શું ટ્રેન્ડમાં છે તેનો અભ્યાસ કરવાને બદલે તમને શું જાણવાની જિજ્ઞાસા છે અને તમે શેના માટે પેશન ધરાવો છો તેના પર ધ્યાન આપો."

"કોઈ ચોક્કસ જ્ઞાન સતત તે કામ શીખીને હાંસિલ કરી શકાય છે. કોઈ MBAના ક્લાસમાં બેસીને નહીં."

"ચોક્કસ જ્ઞાન ખૂબ જ ટેક્નિકલ હોય છે અથવા ખૂબ જ સર્જનાત્મક હોય છે. તેને ઓટોમેટ નથી કરી શકાતું કે પછી તે કામ બીજા પાસે પણ નથી કરાવી શકાતું."

"જવાબદારી ઉઠાવો. તમારા નામથી જ જોખમો ઉઠાવો. સમાજ તમને જવાબદારી પણ આપશે, ઈક્વિટી આપશે અને લીવરિજ તો ખરું જ."

"નસીબ માટે લીવરિજની જરૂર પડે છે. બિઝનેસમાં જેમ કે નફો, મૂડી, લોકો પ્રોડક્ટમાંથી આવે છે.(એવી પ્રોડક્ટ કે જેની નકલ ન કરી શકાય જેમ કે, કોડ અને મીડિયા)"

"કોડ અને મીડિયા એવો લાભ છે જેની પાછળ ભાગવાની પરવાનગી બધા પાસે છે. હમણાં હમણાં ધનવાન બનેલા લોકો માટે આ બેમાંથી એક કે બંને લાભ જ હોય છે. તમે એવું સોફ્ટવેર કે મીડિયા બનાવી શકો છો જે તમે ઊંઘતા હશો તો પણ તમને કમાઈ આપશે."

"જો તમે કોડ ન કરી શકો. પુસ્તક કે બ્લોગ ન લખી શકો તો વિડિયોઝ અને પોડકાસ્ટ રેકોર્ડ કરો."

"નિર્ણય લેવા માટે અનુભવની જરૂર પડે છે. પણ જો તમે પાયાની આવડતો શીખી લીધી હશે તો ઝડપથી નિર્ણયો લેવા સક્ષમ બની જશો."

"ગેમ થિઅરી, મનોવિજ્ઞાન, ગણિત, કમ્પ્યૂટર અને માઈક્રો ઈકોનોમિક્સનો અભ્યાસ કરો."

"તમારાંથી શક્ય હોય તેટલી મહેનત કરો. તમે કેટલી મહેનત કરો છો તેના કરતા તમે કોની સાથે કામ કરો છો અને શેના પર કામ કરો છો તે વધુ મહત્ત્વનું છે."

"તમે જે કામ કરો છો તેમાં દુનિયાના કોઈપણ વ્યક્તિ કરતાં સૌથી ઉત્તમ બનો. તમારું કામ તમારા માટે સત્ય ન બની જાય ત્યાં સુધી તમારાં કામમાં સુધારા કરતા રહો."

"ઝડપથી ધનવાન બનવા માટેની કોઈ યુક્તિ નથી. તે યુક્તિઓ થકી ખરેખર તો કોઈ વ્યક્તિ તમારા થકી ધનવાન બનતું હોય છે."

પુસ્તકઃ નવલનામા,
લેખક : એરિક જોર્ગેન્સન

## દ્રાક્ષ ખાટી નથી, મીઠી છે.

દ્રાક્ષ ખરેખર મધુર છે. પૂર્ણ પરિપક્વ દ્રાક્ષ લતાના મંડપ નીચે ઉભા રહીને શિયાળ દ્રાક્ષને જોતા જોતા વિચારે છે.

જાણે કે A નામનો એક મનુષ્ય BMW કારને પોતાની પાસેથી પસાર થતા જોઈ રહે છે.

શિયાળ વિચારે છે કે દ્રાક્ષ ઊંચી છે. એક છલાંગ લગાવીશ તો હમણાં મળી જશે.

સંસારમાં મધુર વસ્તુઓ ઊંચે જ હોય છે.

ઊંચો કૂદકો આવડે તો જ ત્યાં સુધી પહોંચી શકાય.

શિયાળે પ્રયત્ન કર્યા પણ દ્રાક્ષને આંબી શક્યું નહીં એટલે આ દ્રાક્ષ તો ખાટી છે. આહારને યોગ્ય નથી એમ કહીને એણે જંગલમાં ખોરાકની શોધમાં પોતાની યાત્રા આગળ ચલાવી.

દ્રાક્ષ ખાટી છે – આ વાક્ય શિયાળે સ્વીકારેલા પરાજયનો જાહેર એકરાર છે. હવે સફળતા માટે કોઈ વધારાનો પ્રયત્ન અહીં કરવામાં નહીં આવે એવો એમાં સંકલ્પ છે.

વિજેતા થવાને બદલે મેદાન છોડી જવાનો અહીં નિર્ણય છે.

સામાન્ય રીતે ચતુર ગણાતા પ્રાણીની મૂર્ખતાની આ કથા છે. પંચતંત્રકારે પ્રાણીના બહાને મનુષ્યની મનોવૃત્તિનો અહીં સખત ઉપહાસ કર્યો છે. મનુષ્યની દાનતને ખુલ્લી પાડવાનો પ્રયાસ કર્યો છે.

શિયાળે એમ ન કહ્યું કે મારા પ્રયત્નો અધુરા છે. આજે તો દ્રાક્ષને આંબી શકાય નહીં, હવે કાલે ફરી પ્રયાસ કરીશ. દ્રાક્ષ ખરેખર મધુર છે! જો આજે જ હું દ્રાક્ષ સુધી પહોંચી શકત તો આજે જ એનો આ સ્વાદ અને આનંદ લઈ શકત!

આવું ડહાપણ શિયાળમાં નથી પણ મનુષ્ય તો ડહાપણનો ભંડાર છે. એણે તો પ્રસંગોપાત આમ જ કહેવું જોઈએ.

જો તમે શિયાળ ન હો, તો તમે કદી કહી શકતાં નથી કે દ્રાક્ષ ખાટી છે.

દ્રાક્ષ તો મધુર જ છે પરંતુ મારા પ્રયત્નો કે ક્ષમતા ઓછા છે. હું ક્ષમતા વધારી ને વધુ પ્રયત્ન કરીશ તો દ્રાક્ષ સુધી પહોંચી શકીશ આવા બૌદ્ધિક અભિગમની મનુષ્ય પાસેથી અપેક્ષા રહે છે.




**VASISHTHA GROUP OF SCHOOL**

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કૉમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
VISIT US : vasishtha.net

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.**
ગુજરાતી માધ્યમ
૧ થી ધો. ૧૨ સાયન્સ/કૉમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
Visit us : vasishthagenesisschool.net